# એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ(ટેકનીકલ )

એલ.ડી કોલેજ ઓફ એન્જીનિયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ -૩૮૦ ૦૧૫

## ડિગ્રી આર્કિટેક્ચર અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર ઓફ લાઈન પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ ૨૦૨૫-૨૬)

પ્રથમ વર્ષ ૨૦૨૫ માં ડિગ્રી આર્કિટેક્ચર અભ્યાસક્રમ ની તા. ૨૬.૦૮.૨૦૨૫ ના રોજ ઓનલાઈન રાઉન્ડ-૨ ની પ્રવેશ કાયર્વાહી પૂર્ણ થશે. સાદર પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો શિક્ષણ વિભાગ, ગુજરાત રાજયનાં પ્રવતમાન જાહેરનામાં મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચાલયનાં તાબા હેઠળની ડિગ્રી આર્કિટેક્ચર અભ્યાસક્રમો ચલાવતી રાજયની સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે રાઉન્ડ-૨ ની પ્રવેશ કાયર્વાહી બાદની નોન એલોટમેન્ટ, નોન રીપોર્ટીંગ અને પ્રવેશ રદ કરવાના કારણે ખાલી રહેલી બેઠકોની પ્રવેશ કાયર્વાહી નીચે મુજબ છે. ઉકત સંસ્થાઓ માટેની ખાલી રહેલી બેઠકો પ્રવેશ સમિતિ ની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/b-arch-courses ઉપર ઉપલબ્ધ થશે.

**Admission Schedule for Vacant Seat in Self- Financed Institutes (SFI)**

| Sr. No | Activities | Date |
|---|---|---|
| 1 | SFI Vacant Seat Information on ACPC Website due to Non-Allotment | 26.08.2025 |
| 2 | • Vacant Seat Information on SFI Institute Website due to Non-Allotment.<br>• Application invitation at institute level against vacant seats. | 26.08.2025 |
| 3 | • Declaration of Merit List at institute level.<br>• Final Vacancy (due to Non-Allotment and Non-Reporting) on ACPC website and at institute Level | 29.08.2025 |
| 4 | Admission Counselling and Last Date of Admission offer at institute level (as Per COA Academic Calendar) | 29.08.2025 to 31.08.2025 |

ખાલી પડેલ બેઠકો પર પ્રવેશ કાયર્વાહી તા.૨૬.૦૮.૨૦૨૫ થી જે તે સંસ્થાસ્તરે યોજાશે. જેનો પૂર્ણ કાર્યક્રમ સાદર સંસ્થાએ તેમના વેબસાઈટ ઉપર મુકવાનો રેહશે. ઉમેદવારે (૧) જે-તે સંસ્થાનાં નોટીસબોર્ડ અને વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) સ્વનિર્ભર સંસ્થાઓની ફી ને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે સંસ્થા દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ જે તે સંસ્થા ખાતે માન્ય ફી રૂ ૩૫૦/-(ACPCમાં રજીસ્ટ્રેશન ન કરાવેલ ઉમેદવારો માટે) ભરીને પ્રવેશ ફોર્મ મેળવી સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી સંસ્થા સ્તરે કરવાની રહેશે.

જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. જે વિદ્યાર્થી વ્યક્તિગત રીતે પ્રવેશ માટે હાજર રહી શકે તેમ ન હોય, તો માતા-પિતા ઓથોરીટી લેટર રજૂ કરીને કાઉન્સેલિંગ સત્રમાં તેમની તરફથી હાજરી આપી શકે છે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ થતા ઉમેદવારે ફી રીફંડ, સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ "Cancellation Of Admission And Refund Of Fees" પ્રમાણે થશે.

સંસ્થાઓની ખાલી રહેલી બેઠકો, ફી તેમજ જરૂરી મહિતી સમિતિની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/b.arch ઉપર ઉપલબ્ધ છે. પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. ઉમેદવારે કોઇ પણ અસલ પ્રમાણપત્રો સંસ્થા ખાતે જમા કરાવવા ના રહેશે નહિ. પ્રવેશ મળશે જ તેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

Latest Updates માટે સિમિતની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/b.arch વખતોવખત જોવા જણાવવામાં આવે છે.

તા.૨૧.૦૮.૨૦૨૫ - મેમ્બર સેક્રેટરી